જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૨/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૯૩/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૩/૦૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૨૪૩	૦	૧૧૨૪૩	૧૭૩૭૫	૦	૧૭૩૭૫
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૫	૦	૬૨૨૫
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૬૯	૦	૬૯	૨૭૬	૦	૨૭૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૮૭૬	૫	૨૮૮૮૧	૩૦૧૮૬	૭	૩૦૧૯૩
કુલ		૪૪૮૯૦	૫	૪૪૮૯૫	૫૪૦૬૨	૭	૫૪૦૬૯

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૪	૧૦,૯૯,૧૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૨૩	૧,૨૩,૦૦૦/-

વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

દાણીલીમડા પોલીસ સ્ટેશન

મિલ્કત સંબંધી ગુના શોધી કાઢતી દાણીલીમડા પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝન સાહેબ નાઓ દ્વારા અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલ્કત સંબંધી ગુન્હાઓ શોધી કાઢવા અંગેની સુચના મળતા જે અન્વયે સિનિ.પોલીસ ઇન્સપેક્ટરશ્રી એમ.એમ.લાલીવાલા સા.શ્રીની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના એન.પી.ગરાસીયા પો.સબ.ઇન્સ. તથા સાથેના સ્ટાફના અ.હેડ.કોન્સ. કાનજીભાઈ અમીભાઈ બ.નં.૭૭૯૦ તથા પો.કો.વજાભાઇ દેહુરભાઇ બ.નં.૧૦૩૧૭ તથા પો.કો.હર્ષદસિહ ગંભીરસિહ બ.નં.૪૭૮૫ તથા પો.કો.ઝાહિદહુસેન અનવરહુસેન બ.નં.૧૨૮૩ વિગેરે સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના પો.કો.હર્ષદસિહ ગંભીરસિહ બ.નં.૪૭૮૫ તથા પો.કો.ઝાહિદહુસેન અનવરહુસેન બ.નં.૧૨૮૩ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે સહેઝાદ ઉર્ફે બડા કાંટા સ/ઓ દોસ્તમહોમદ શેખ ઉ.વ.૨૩ રહે : મ.નં.૧૫ સંજર પાર્ક વિ-૩ નવરંગ સ્કુલની બાજુમાં બેરલ માર્કેટ દાણીલીમડા અમદાવાદ શહેર નાએ ચોરી કરી મેળવેલ હોન્ડા કલીક સ્કુટર આરટીઓ નં. જી.જે.૨૭.સી.ડી.૨૯૭૦ તથા એ.નં.૨૪૨૭૨ તથા ચે.નં.૧૭૫૨૮ જેની કિ.રૂ.૨૦,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી લઇ દાણીલીમડા પોલીસ સ્ટેશન એ.પાર્ટ ગુ.ર.નં- ૧૧૧૯૧૦૧૨૨૧૦૨૨૮/૨૦૨૧ ધી ઇ.પી.કો.કલમ - ૩૭૯ મુજબ નો ગુનો મિલ્કત સંબંધી ગુન્હો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.



પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન

ભારતીય બનાવટના વિદેશીદારુના જથ્થા સાથે એક આરોપીને પકડી વિદેશીદારુનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન અમદાવાદ શહેર નાઓ તરફથી અમદાવાદ મ્યુ.કોર્પોરેશનની ચુંટણી સબંધે પ્રોહીબીશનની પ્રવૃતિ સદંતર નેસ્તનાબુદ કરાવવા સુચનાઓ મળેલ હોય જે આધારે પોલીસ ઈન્સપેકટરશ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓએ નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારના પ્રોહી બુટલેગર તથા ચોરીછુપીથી પ્રોહીબીશનની પ્રવૃતિ કરતા ઈસમો ઉપર અવાર નવાર વોચ રાખી રેઈડ કરી સદંતર બંધ કરાવવા સારુ સર્વેલન્સ સ્કોડ પો.સ.ઈ.ટી.કે.દેવમુરારી સાહેબ તથા સ્ટાફના માણસોને સુચના આપેલ હોય જે આધારે આજરોજ પો.સ.ઈ.ટી.કે.દેવમુરારી સાહેબ તથા કર્ણાવતી ચોકી પો.સ.ઈ.આર.આર.અમલીયાર સાહેબ તથા હે.કો.આણંદભા આપાભા બ.નં.૯૨૦૮ તથા હે.કો.સરફરાજનવાજ ઈબ્રાહિમમીયાં બ.નં.૪૦૦૫ તથા હે.કો.હસમુખભાઈ ભાનુભાઈ બ.નં.૪૧૬૦ તથા પો.કો કાનાભાઇ સુરાભાઇ બ.નં ૧૦૦૮૭ તથા પો.કો.મહેશકુમાર બાબુલાલ બ.નં.૧૩૦૬૪ તથા પો.કો.પ્રહલાદસિંહ શિવસંગભાઈ બ.નં.૬૩૬૧ તથા વુ.પો.કો.માયાબેન ભગવાનદાસ બ.નં.૪૬૦૮ નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન બાતમી હકિકત મળેલ કે નારોલ પીપળજ પીરાણા રોડ ઉપર આવેલ શ્રીનાથ કાર્ગો પ્રા.લિ. ટ્રાન્સપોર્ટના ગોડાઉનમાં આવેલ પાર્સલોમાં કેટલોક ગેરકાયદેસરનો વિદેશીદારુનો જથ્થો આવેલ છે." જે આધારે પંચો રૂબરૂ તપાસ કરતાં પાર્સલો સાથે આવેલ પાર્ટીનુ અસલ બિલ ટ્રાન્સપોર્ટરની બિલ્ટી તથા ચલણ તથા આધારકાર્ડની નકલ જોતા માલ મોકલનાર તરીકે હાઈટેક એગ્રી સેલ્સ ઈન્ડ્રસ્ટ્રીયલ એરીયા ફતેનગર રાજસ્થાન–૩૧૩૦૦૧ મો.નં.૭૫૯૭૭૦૩૦૬૪ તથા માલ લેવા માટે આવેલ નિર્ભયસિંહ ગોવર્ધનસિંહ કિતાવત રહે.રાજપુતો કા મહોલ્લા ભીમલ ઉદેપુર રાજસ્થાન–૩૧૩૨૦૩ નાઓ હોય અને પાર્સલોમાંથી ભારતીય બનાવટના વિદેશીદારૂની અલગ અલગ બ્રાન્ડની ૭૫૦ મીલીની સિલબંધ બોટલ નંગ.૨૬ કિ.રૂ.૩૭૦૫૦/– ની મતાનો વિદેશીદારૂનો જથ્થો મળી આવતાં બે પંચો રૂબરૂ તપાસ અર્થે કબ્જે કરી નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૦૧૩૫/૨૦૨૦ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઇ), ૬૬(બી), ૧૧૬(બી), ૮૧ ,૮૩ મુજબનો ગુનો રજીસ્ટર કરી વિદેશીદારૂ લેવા માટે આવેલ આરોપી નિર્ભયસિંહ ગોવર્ધનસિંહ કિતાવત ઉ.વ.૨૪ ધંધો.ડ્રાઈવીંગ રહે.સુર્યવિલા હોટલ વેપારી મહામંડળ કોમ્પલેક્ષ ઓઢવ અમદાવાદ શહેર મુળ વતન.રાજપુતો કા મહોલ્લા ભીમલ ગામ રેલ્વે સ્ટેશનની પાસે થાના.માવલી તા.માવલી જી.ઉદેપુર રાજસ્થાન રાજય ને પકડી વિદેશીદારુનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૧૩/૦૨/૨૦૨૧



પાસા અટકાયતની વિગત

બાપુનગર પોલીસ સ્ટેશન

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી નાઓની સુચના તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશનરશ્રી "એચ" ડિવીજન સાહેબ શ્રી નાઓના માર્ગદર્શન હેઠળ શરીર સબંધી તેમજ મિલ્કત સબંધી ગુન્હાઓ કરવાની ટેવ વાળા ઇસમોને શરીર સબંધી તેમજ મિલ્કત સબંધી ગુન્હાઓ કરતા અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અન્વયે પોલીસ ઇન્સ્પેકટરશ્રી એ.પી.ગઢવી બાપુનગર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર તથા સ્ટાફના માણસોએ બાપુનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઉઠક બેઠક ધરાવતા શન્ની સ/ઓફ ભગવાનસિંહ જાતે. કુશવાહ ઉ.વ. ૨૪ રહે. ખાડાવાળી ચાલી જોગણી માતાના મંદિરની ગલીમાં મ્યુનિસીપલ કોર્પોરેશનના ડી-૧૦ દવાખાના પાસે કલાપીનગર મેઘાણીનગર અમદાવાદ શહેરનાઓ શરીર સબંધી તથા મિલકત સબંધી ગુન્હાઓ કરવાની ટેવ વાળા હોય અને જેના વિરૂધ્ધમાં (૧) મેઘાણીગર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨ ૦૦૧૩૧/૨૦૨૦ ઇ.પી.કો. કલમ. ૫૦૭, તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૦ ૧૧૮૭/૨૦૨૦ ઇ.પી.કો. કલમ. ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨) ૧૧૪, તથા જી.પી.એક્ટ કલમ, ૧૩૫(૧), તેમજ નં.(૩) બાપુનગર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૦૭૨૦૧૧૦૭/૨૦૨૦ ઇ.પી.કો. કલમ. ૩૯૪, ૨૯૪(ખ), ૧૧૪, તથા જી.પી.એક્ટ કલમ. ૧૩૫(૧) મુજબના શરીર સબંધી તથા મીલ્કત સબંધી ગુનાઓ નોંધાયેલ હોય સદરી આરોપી વિરૂધ્ધમાં પુરાવા એક્ત્રીત કરી મહેરબાન પોલીસ કમિશ્નરશ્રી સમક્ષ સાદર કરતા સદરી ઇસમ વિરૂધ્ધમાં પાસા હુકમ ક્રમાંક પી.સી.બી./ડી.ટી.એન/ પાસા/૨૫૯/૨૦૨૧ તા.૧૩/૦૨/૨૦૨૧ અન્વયે હુકમ કરતા મચકુર પાસા અટકાયતીને આજ રોજ તા.૧૩/૦૨/૨૦૨૧ ના કલાક ૨૧/૩૫ વાગ્યે પાસા હુકમની બજવણી કરી "રાજકોટ જેલ" ખાતે પાસા અટકાયતીને જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે. તા.૧૩/૦૨/૨૦૨૧



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૯૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૫ કેસ કરી, ૪૯ વ્યક્તિઓને ઝડપી, ૨૭૮ લીટર દેશી દારૂ, ૩૦ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૬૮ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૭ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૬,૪૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૯૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૭૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૨૯૬/૨૦૨૧**

સાયબર ક્રાઇમઃ ભગવાનભાઇ મેનાભાઇ પરમાર (ઉ.વ.૫૭)(રહે.જીવન જ્યોત સોસાયટી મનમોહન પાર્ક પાસે ઓઢવ) એ તા.૧૩/૦૨/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઇમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૯/૨૦૨૦ થી તા.૦૬/૧૦/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન કેનેરા બેન્ક ગાંધીઆશ્રમ શાખા ખાતે તથા ઓન લાઇન ઇન્ટરનેટના માધ્યમથી અજાણી વ્યક્તિએ કેનેરા બેન્ક ગાંધીઆશ્રમ શાખાના એ.ટી.એમ.ની કોમ્પ્યુટર સીસ્ટમ સાથે ચેડા કરી, ક્લોન ક્રેડીટકાર્ડ દ્વારા એ.ટી.એમ.મશીનમાંથી કુલ રૂપિયા ૮,૧૦,૦૦૦/- અલગ-અલગ ટ્રાન્જેકશન કરી બેંક સાથે છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.જે.ચૌધરી ચલાવે છે.

બારમા માળથી પડી જતાં મૃત્યુ :- **સમાચાર યાદી નં.૨૯૭/૨૦૨૧**

ચાંદખેડાઃ ચાંદખેડા ન્યુ સી.જી.રોડ લેબર કોલોની સરલ સ્કાય શુટ નામની નવી બનતી સાઇટ પર રહેતા અને ત્યા જ કામ કરતા અંતરસિહ કલમસિહ ડાવર (ઉ.વ.૨૧) (મુળ વતન-ગામ દોલતપુરા તા-રહેંદા જી-જાંબુઆ મધ્યપ્રેદેશ) તા.૧૩/૦૨/૨૦૨૧ કલાક ૮/૦૦ વાગ્યાના સુમારે સાઇટના બારમા માળે કામ કરતા હતા ત્યારે બારમા માળેથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને શ્રીજી હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઇ જ્યંતીભાઇ ચલાવે છે.

આત્મહત્યા :- **સમાચાર યાદી નં.૨૯૮/૨૦૨૧**

નરોડાઃ કરીના ડો/ઓ બાદલભાઇ પરમાર (ઉ.વ.૧૮)(રહે.પંડીતની ચાલી નુરાની મસ્જીદ પાછળ નરોડા પાટીયા નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૨/૨૦૨૧ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શૈલેન્દ્રસિહ મનુભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી